| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૨૦–૦૪–૨૦૧૨ | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૨૦–૦૪–૨૦૧૨ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૧૮–૧૧–૨૦૨૫ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૦૬ | ૨૮ |

सत्यमेव जयते

.................................................................................

**ચોથા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટસાહેબ શ્રીનીકોર્ટ નં.૫, અમદાવાદ સીટી.**

.................................................................................

**ક્રિ.કેસ નં.૫૦૩૦૦૩–૨૦૧૨**
**આંક–૧૬**

**ફરીયાદી :–** નામદાર સરકાર
(મુળ ફરીયાદી:– રાજપાલસિંહ ગેંદાલાલ રાજપુત)

**વિરુધ્ધ**

**આરોપી :–** (૧) દશરથભાઈ જયરામભઈ દેસઈ, ઉ.વ.પુખ્ત
(૨) ભાવિન ઉર્ફે ભાાવેશ ઉર્ફે ભોપો કમાભાઈ રબારી, ઉ.વ.પુખ્ત
(૩) રાજેશ ઉર્ફે રાજીયો બેચુભાઈ મકવાણા
રહે.૩–૪૨, સાંઈનાથ એપાાર્ટમેન્ટ, જીઆઈડીસી વટવા, અમદાવાાદ.
(૪) અમરતભાઈ મફાભાઈ રબારી
રહે.આ.નં.૧,૨ અને ૪ ઘ.નં.૩૬૯, નવી વસાહત, જશોદાનગર, અમદાવાદ.

**ગુનો: ઈ.પી.કોડની કલમ : ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૬, ૧૧૪ તથા**
**જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ.**

.................................................................................

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.એસ.પંચાલ
આરોપી પક્ષ તરફે વિ.વકીલશ્રી આઈ.એલ.પરમાર

.................................................................................

**–:: ચુ કા દો ::–**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીશ્રીનો જીઆઈડીસી વટવા, ફેઝ–૧, એફ રોડ, સતગુરૂ કાંટો, હનુમન ખાતે હોઈ કાંટા ઉપર તા.૬–૪–૨૦૧૨ના કલાક ૨૧–૩૦ થી ૨૨–૦૦ વાગ્યાના સુમારે કોલમ નં.૧માં જણાવેલ અરોપી નં.૧,૨,૩ નાઓ જઈ સાહેદ જયેશભાઈ મનીષચન્દ્ર

નાઓને કહેલ કે કાંટો બંધ કરી દે તેમ કહી ગંદી ગાળો બોલી આ.નં.ર નાએ જયેશભાઈનો કોલર પકડી થપ્પડ મારી તથા આ.નં.૩ નાએ આ કામના સાહેદ અર્જુનભાઈ કાલીચરણને ફેંટોનો મારમારી તેમની પ્લાસ્ટીકની ખુરશી તેમજ લાકડાનું ટેબલ તોડી નુકશાન કરી તેમજ આ કામના ફરી.શ્રી પોતાના કાંટા ઉપર આવી જતાં તેમને પણ આ.નં.ર ભાવેશે પોતાની પાસેનો લાકડાનો દંડો ફરીયાદીને ડાબા કાનની નીચે મારી દઈ તેમજ આ.નં.૪ નાએ ફરી.નો કોલર પકડી ફેંટોનો માર મારી આરોપીઓએ ફરી. તથા સહેદોને ગંદી ગાળો બોલી, એકબીજાની મદદગારી કરી ગુનો કરી પકડાઈ જવા બાબતે **ઈ.પી.કોડની કલમ : ૩ર૩, ર૯૪(ખ), ૪ર૬, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબનો** ગુનો કર્યાની ફરીયાદ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાતા તે મુજબ પોલીસ તપાસના અંતે ચાર્જશીટ રજુ કરેલ છે.

(ર) આરોપીઓ કોર્ટમાં હાજર થતાં, આરોપીઓને ક્રી.પ્રો.કો.કલમ ર૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ આંક–૩ થી તહોમતનામું ફરમાવી આંક–૪ થી પ્લી નોંધવામાં આવેલ છે. આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે :–

**–: મૌખિક પુરાવો :–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | સાહેદ અર્જુનભાઈ કાલીચરણ યાદવની જુબાની | ૦૯ |
| ર | ત.ક.અ. વજેસિંહ નારણ સિંહ ચૌહાણની જુબાની | ૧ર |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | સીઆરપીસી ૧૫૭નો જાહેર રીપોર્ટ | ૧૩ |
| ૨ | ફરીયાદ. | ૧૪ |
| ૩ | પંચનામું જગ્યાનું | ૧૫ |

(૪) સદર કેસના આખરી નિકાલ અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે :–

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંક રીતે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીશ્રીનો જીઆઈડીસી વટવા, ફેઝ–૧, એફ રોડ, સતગુરૂ કાંટો, હનુમન ખાતે હોઈ કાંટા હાઈવે કાંટા ઉપર તા.૬–૪–૨૦૧૨ના કલાક ૨૧–૩૦ થી ૨૨–૦૦ વાગ્યાના સુમારે કોલમ નં.૧માં જણાવેલ અરોપી નં.૧,૨,૩ નાઓ જઈ સાહેદ જયેશભાઈ મનીષચન્દ્ર નાઓને કહેલ કે કાંટો બંધ કરી દે તેમ કહી ગંદી ગાળો બોલી આ.નં.૨ નાએ જયેશભાઈનો કોલર પકડી થપ્પડ મારી તથા આ.નં.૩ નાએ આ કામના સાહેદ અર્જુનભાઈ કાલીચરણને ફેંટોનો મારમારી તેમની પ્લાસ્ટીકની ખુરશી તેમજ લાકડાનું ટેબલ તોડી નુકશાન કરી તેમજ આ કામના ફરી.શ્રી પોતાના કાંટા ઉપર આવી જતાં તેમને પણ આ.નં.૨ ભાવેશે પોતાની પાસેનો લાકડાનો દંડો ફરીયાદીને ડાબા કાનની નીચે મારી દઈ તેમજ આ.નં.૪ નાએ ફરી.નો કોલર પકડી ફેંટોનો માર મારી આરોપીઓએ ફરી. તથા સહેદોને ગંદી ગાળો બોલી, એકબીજાની મદદગારી કરી ગુનો કરી પકડાઈ જવા બાબતે **ઈ.પી.કોડની કલમ : ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૬, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબનો** શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) <u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

(૬) આ કામે **આંક–૦૯** થી **સાહેદ અર્જુનભાઈ કાલીચરણ યાદવ**ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,

આજથી દસ બાર વર્ષ પહેલા તેઓ તેમની ચાની કીટલી ઉપર હાજર હતા તે વખતે રાત્રે દશરથભાઈ, ભાવીનભાઈ, રાજેશભાઈ અને અમરતભાઈ નાઓનો ઝઘડો થયેલો અને તેઓ છોડાવવા વચ્ચે પડતા તેમની સાથે પણ ઝઘડો થયેલો અને લોકો ભેગા થયેલા અને ઝઘડાને કારણે તેમને સામાન્ય ઈજાઓ થયેલી તે સિવાય કાંઈ બનેલ નહીં. ઘણા વર્ષો થઈ ગયેલ હોવાથી તેઓ આરોપીઓને ઓળખી શકે નહિ અને હવે તેમને કેસ આગળ ચલાવવો નથી.

<u>ત્યારબાદ સદર ફરીયાદીને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકિકત જણાવેલ નથી.</u>

આ કામે બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ સાથે તેમને સામાન્ય બોલાચાલી થયેલી એ સિવાય કંઈ બનેલ નથી તેમજ આરોપીઓએ કોઈ ગાળો બોલેલ હોઈ કે કોઈ મિલ્કતને નુકશાન પહોંચાડેલ હોય તેવું બબનેલ નથી તેમજ તેમને કેસ આગળ ચલાવવો નથી.

(૭) આ કામે **આંક–૧૨** થી **ત.ક.અ. વજેસિંહ નારણસિંહ ચૌહાણ**ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ગઈ તા.૦૭–૦૪–૨૦૧૧ના રોજ વટવા જીઆઈડીસી પો.સ્ટે.માં ઈન્વે. પોસ્ટમાં તેમની ફરજ બજાવતા હતા તે દરમ્યાન એલ.જી. હોસ્પિટલમાંથી પોલીસ યાદી આવેલી જેના આધારે તેઓ એલ.જી. હોસ્પિટલ ગયે અને ફરીયાદી રક્ષપાલસિંહની ફરીયાદ તેના લખાવ્યાં પ્રમાણે લખેલી અને ફરીયાદમાં તેમની અને ફરીયાદીની સહી છે જે અસલ વર્દી અને અસલ ફરીયાદને રજુ દાખલ આંક ૧૩, ૧૪ આપવામાં આવેલ છે અને બનાવવાળી જગ્યાનું પંચનામું તેમની સમક્ષ થયેલ અને જે રજુ દાખલ આંક ૧૫ છે. આરોપીઓ વિરુઘ્ઘ ચાર્જશીટ કરેલી અને આરોપીઓને જોયે ઓળખે છે. આ કામના ફરીયાદી મરણ ગયેલ છે તે મતલબનો શેરો પોલીસ કર્મચારી ઘ્વારા રજુ

કરેલ છે. ફરીયાદીની ફરીયાદ મુજબ આ કામના આરોપીઓએ ફરીયાદી ભંગારનો વેપાર કરતા હોય અને તે દર મહિને નાણાં માંગતા હોય તે મતલબની છે.

આ કામે બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ કામે સાહેદોના નિવેદનો માત્ર તેમના નામઠામ પુછેલ, પોલીસ સ્ટેશનમાં તેમણે જાતે લખી લીધેલા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે જ ફરીયાદ લીધેલ તેમજ તેઓ જ ત.ક.અ. છે તેમજ આ કામે આરોપીઓને અટક કરેલ તેથી તેમને ઓળખી બતાવે છે. આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે અરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યા પો.સ્ટે.ની સામે જ છે.

આ કામે ફરીયાદી મરણ ગયેલ હોઈ તેઓને કોર્ટ સમક્ષ તપાસી શકાયેલ નથી. આંક–૦૯થી તપાસેલ સાહેદ **અર્જુનભાઈ કાલીચરણ યાદવ નાઓ** હોસ્ટાઈલ જાહેર થયેલ હોઈ તેમની જુબાની ફરીયાદપક્ષને મદદકર્તા નથી. આ કામે ત.ક.અ.ને તપાસવામાં આવેલ છે પરંતુ તેઓની જુબાની ધ્યાને લેતાં તેઓએ તેમની ફરજના ભાગરૂપે કામગીરી કરેલ હોય અને તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી તેથી તેમની જુબની પણ ફરીયાદપક્ષને મદદકર્તા નથી. આ કામે પંચ સાહેદોને તપાસવામાં આવેલ નથી. આ કામે અન્ય સાહેદો અને પંચોને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે પરં તુ પ્રોસેસ વગર બજે તેમાં જણાવેલ કારણોસર પરત ફરેલ છે જેથી તેઓને તપાસી શકાયેલ નથી.

આમ, હાલના આરોપીઓએ આક્ષેપિત ગુનો કર્યો હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષના ઉપરોકત રજુ થયેલ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી, પરંતુ આ કામે ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર મુળ ફરિયાદી આ કામે મરણ ગયેલ હોઈ તેઓના પુરાવા રેકર્ડ પર આવેલ નથી તે જ રીતે અન્ય સાહેદો કે પંચોને પણ અવારનવાર પ્રોસેસ કરવા છતા મળી આવેલ ન હોય/ મરી ગયેલ

હોય તપાસી શકાયેલ નથી તે સંજોગોમાં એકમાત્ર ત.ક.અમલદારે પોતાની ફરજ રૂએ કરેલા કાર્યો જણાવેલ છે. જેના પરથી ફરિયાદી સહિતના અન્ય કોઈ સાહેદોને ફરિયાદપક્ષે કેસને સમર્થન મળે તેવા પુરાવા રેકર્ડ પર આવેલ ન હોય તેવા સંજોગોમાં આરોપીઓને આ ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી, તે સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

- આ કામના આરોપીઓ નં. (૧) દશરથભાઈ જયરામભઈ દેસઈ, ઉ.વ.પુખ્ત (૨) ભાવિન ઉર્ફે ભાાવેશ ઉર્ફે ભોપો કમાભાઈ રબારી, ઉ.વ.પુખ્ત (૩) રાજેશ ઉર્ફે રાજીયો બેચુભાઈ મકવાણા રહે.૩–૪૨, સાંઈનાથ એપાાર્ટમેન્ટ, જીઆઈડીસી વટવા, અમદાવાાદ (૪) અમરતભાઈ મફાભાઈ રબારી રહે.આ.નં.૧,૨ અને ૪ ઘ.નં.૩૬૯, નવી વસાહત, જશોદાનગર, અમદાવાદ નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૮(૧) અન્વયે **ઈ.પી.કોડની કલમ : ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૬, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧)** મુજબના ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.
- આરોપીઓના અપીલ સમય સુધીના જામીન મંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

તારીખ : ૧૮/૧૧/૨૦૨૫
અમદાવાદ.

(જીતેશ વિષ્ણુપ્રસાદ જોષી)
ચોથા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૫., અમદાવાદ સીટી.
કોડ નં. જીજે૦૦૯૨૭.

(RMSONI)